ચિલોડા વિસ્તારમાં જાહેરાતના આડેધડ હોર્ડીંગ્સોનો રાફડો

ચિલોડા, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા વિકાસની તકો ઉજળી જણાય છે પરંતુ ચિલોડા સર્કલના વિકાસમાં રક્ષા શકિત યુનિવર્સિટી દ્વારા રળિયામણું બને તેવા પ્રયાસો થઈ રહ્યા છે. આ સર્કલ પર સી.સી.ટી.વી. કેમેરા ફરતે જાહેરમાર્ગો પર બાજ નજર રાખી રહ્યા છે. જયારે ચિલોડા હિંમતનગર તથા અમદાવાદ જવાના હાઈવે માર્ગ પર બંને બાજુએ રોડ ટચ દુકાનો, કોમ્પ્લેક્ષો તથા અન્ય ધંધા રોજગાર દ્વારા દબાણનો રાફડો ફાટયો છે જયારે સર્વિસ રોડ માત્ર ધંધા રોજગાર માટે આગવો પરવાનો આપી દીધો હોય તેવી રીતે ટ્રાફિકના નિયમોની ઐસી તેસી થઈ સમગ્ર વિસ્તારના અનેક પ્રાણ પ્રશ્નોથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. જયારે આ જાહેરમાર્ગોની નજીકના કોમ્પ્લેક્ષો તથા દુકાનદારો દ્વારા જાહેરાતના તોતીંગ હોર્ડીંગ્સથી સામાન્ય પવન કે વાવાઝોડાથી કયારે તુટી પડે તેવો ભય લોકો પર તોળાઈ રહ્યો છે. જયારે ચિલોડા કંટ્રોલ પોઈન્ટના શેડ પર જાહેરાતનું હોર્ડીંગ્સ પણ કયારે તુટી પડે તેવો ભય લોકોમાં વર્તાઈ રહ્યો છે. આમ સમગ્ર વિસ્તારમાં ચિલોડા સર્કલ ફરતે માત્ર હોર્ડીંગ્સની બોલબાલા પ્રવર્તી રહી છે. આ અંગે અનેક લોકો તર્ક વિતર્કો કરી રહ્યા છે કે ચિલોડાની રોનકમાં કયારે બદલાવ આવશે તેવું માની રહ્યા છે. આમ ચિલોડા બસ સ્ટેન્ડે લગાડેલું હોર્ડીંગ્સથી ચિલોડા કંટ્રોલ પોઈન્ટ માત્ર શોભાના ગાંઠિયા સમાન બન્યું છે.

(તસ્વીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સે. ૭ નાસ્તાની લારી પર નાસ્તો કરવા બાબતે લારીના માલિક પર ગ્રાહકનો છરી વડે હૂમલો

ગ્રાહકે લારી માલિકને ગડદા-પાટુનો માર મારી લારીમાં ભારે તોડફોડ કરી હતી બાદમાં તમામ સામાન બહાર ફેંકી દીધો

ગાંધીનગર, તા. ૧૮

શહેરના ભરચક વિસ્તાર ગણાતા સેકટર-૭ શોપિંગ સામે આવેલ નાસ્તાની લારીએ આજે બપોરે નાસ્તો કરવા બાબતે દુકાનદાર અને ગ્રાહક વચ્ચે ગાળા-ગાળી થતા ઉગ્ર બોલાચાલી થઈ અને બાદમાં સમગ્ર મામલો વિચકતા નાસ્તો કરવા આવેલ શખ્સે લારીના માલિક સાથે દાદાગીરી કરીને ગડદાપાટુનો માર મારી લારીમાં ભારે તોડફોડ કરી હતી અને અંતે લારીના માલિક પર છરી વડે હુમલો કરતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે હજુ સુધી આ મામલે કોઈ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ નથી. આ ઘટનાની વિગત એવી છે કે શહેરના સે. ૭ મુખ્ય શોપિંગ સેન્ટરની સામે વર્ષોથી મિતેષ મહાસુખલાલ વાણીયા ભાવનગરી ગાંઠીયા નામની નાસ્તાની લારી ચલાવે છે. આજે બપોરના સમયે નાસ્તાની લારીએ સેકટર-૮માં રહેતો યુસુફ ઈબ્રાહીમ નામનો યુવાન નાસ્તાની લારીએ નાસ્તો કરવા આવ્યો હતો અને ગાંઠીયાની ચટ્ટણી લેવા બાબતે દુકાનદાર અને ગ્રાહક વચ્ચે બોલાચાલી થતા મામલો ઉગ્ર બનતા સામસામે ગાળા-ગાળી અને છુટ્ટા હાથની મારામારી થઈ હતી.

બાદમાં નાસ્તો કરવા આવેલ શખ્સ યુસુફએ નાસ્તાની લારીમાંથી જ છરી લઈ લારીના માલિક પર હૂમલો કર્યો હતો અને નાસ્તાની લારીમાં તોડફોડ કરી લારીનો સામાન બહાર ફેંકી દીધો હતો. અને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. આ સંદર્ભે પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી હતી પરંતુ તોડફોડ કરનાર યુવાન હાથ લાગ્યો ન હતો જો કે આ મામલે હજુ સુધી પોલીસ ચોપડે કોઈ ફરિયાદ નોંધાઈ નથી તેવી માહિતી મળી હતી.

(તસ્વીર : કશ્યપ નિમાવત)

સે. ૩ ઈન્કવાયરી ઓફિસની બાજુમાં છેલ્લા કેટલાય સમયથી જૂની ગટરની જગ્યાએ નવી ગટરલાઈનનું કામ ચાલી રહ્યું છે. કોન્ટ્રાકટરના કહેવા પ્રમાણે હજુ ૧૦ દિવસ જેટલું કામ બાકી છે. હાલ તો આને કારણે રાહદારીઓને ઘણી અગવડ પડી રહી છે પરંતુ એક સારૂ કામ થઈ રહ્યું છે તેથી સૌ સહકાર આપી રહ્યા છે.

પુન્દ્રાસણ માર્ગ પર મધરાતે બે બાઈક અથડાતા અકસ્માત : ૩ ઘાયલ

નશામાં ચકચૂર દારૂડીયાએ અકસ્માત સર્જયો હતો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક પુન્દ્રાસણ ગામે મોડી રાત્રે દારૂના નશામાં ચકચૂર દારૂડીયા બાઈક ચાલકે બેફામ બાઈક ચલાવી અન્ય એક બાઈક સાથે અકસ્માત સર્જયો હતો. જેમાં ૩ બાઈક સવારોને ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે દારૂડીયા બાઈકચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માહિતી અનુસાર ગત રોજ દેવ દિવાળી હોવાથી ગાંધીનગર જિલ્લાના આદરજ મોટી મુકામે માતાજીના ગરબાનો કાર્યક્રમ હતો. જયાં મોટી સંખ્યામાં આસપાસના ગામના લોકો ગરબા જોવા ગયા હતા. દરમિયાન મધરાતે ૩.૩૦ કલાકે પુદ્રાસણ ગામનો જ એક શખ્સ નશામાં ચકચૂર હુલસંગ ઠાકોર પોતાનું બાઈક નં. જીજે-૧૮ એફ ૧૯૨૬ લઈ આદરજ મોટીથી પુરપાટ ઝડપે બાઈક પુન્દ્રાસણ તરફ જઈ રહ્યો હતો. ચિક્કાર દારૂ-પીધેલ હાલતમાં બાઈક ચલાવી આગળથી પસાર થતા બાઈકને જોરદાર ટકકર મારતા અકસ્માત સર્જયો હતો. જેમાં ૩ બાઈક સવારોને નાની મોટી ઈજાઓ થતા મોડી રાત્રે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પેથાપુર પોલીસે દારૂડીયા બાઈકચાલક સામે પુન્દ્રાસણ ગામના જ સુરેશજી અરજણ ઠાકોરની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ હે.કો. મહેન્દ્રસિંહ ચલાવી રહ્યા છે.

આજના યુવાનોને શીખ આપવાના હેતુથી સે. ૬-બી સ્થિત 'બોમ્બે હેરઆર્ટ'નાં પ્રવિણભાઈએ 'વ્યસન છોડે એ તમામ વ્યક્તિને કાયમી ફ્રી સેવા આપવાનીસારી શરૂઆત કરી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

૨૦/૨૧ની ચોકડી પાસે કારની ટક્કરે બાઈકચાલક કિશોરનું મોત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ નજીક ૨૦/૨૧ ચોકડી પર આજે સવારે બાઈક લઈ પસાર થતા ૧૭ વર્ષીય બાઈકસવાર કિશોરને એક કારે અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘાયલ બાઈકસવાર કિશોર હોસ્પિટલ લઈ જતા માર્ગમાં જ કરૂણ મોત નિપજ્યું છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક જી.ઈ.બી.ના મુખ્ય ગેટ નજીક જી.ઈ.બી.ના મુખ્ય ગેટ સામે આવેલા છાપરામાં ૧૭ વર્ષીય કિશોર પ્રદિપ કનુભાઈ કબીરા પોતાના પરિવાર સાથે રહે છે. અને છૂટક મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. દરમિયાન આ કિશોર આજે વહેલી સવારે ૭.૪૦ વાગ્યાના સમયે પોતાના ઘરેથી મોટરસાયકલ નં. જીજે-૧૮-એલ-૪૫૮૪ લઈ છ-૬ સર્કલ થી છ-૫ તરફના માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. બસ આજ અરસામાં સેક્ટર-૨૧ તરફથી નિકળી સે. ૨૦ તરફ જતી આવતી ટાટામેઝીક કાર નં. જીજે-૧૮-એક્ષ-૧૮૨૪ના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત થયો હતો. અકસ્માત સર્જી કાર ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો. બાઈકચાલક કિશોરને ઘાયલ અવસ્થામાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પરંતુ માર્ગમાં જ તેનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. જ્યા સિવિલના મૃત જાહેર કર્યો હતો. આ અંગે મૃતક કિશોરના પિતાની કનુભાઈ ભીખાભાઈ કબીરાએફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી મૃતકને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને અકસ્માત સર્જનાર કારને કબજે લઈ લીધી હતી. પી.એસ. આઈ. વી.પી. સોલંકી ચલાવી રહ્યા છે.

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં નિકોલની ખોડિયાર ટીમ વિજેતા

ગાંધીનગર, તા. ૧૮

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, સ્વામી વિવેકાનંદ યુવા મંચ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૩ પ્રાંતિયા મુકામે યોજાઈ ગઈ.

ટુર્નામેન્ટમાં સમાજની કુલ-૨૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ મેચ ખોડિયાર સી.સી. નિકોલની ટીમ અને વિનર ઈલેવન છાલાની ટીમો ટકરાઈ હતી. જેમાં અત્યંત રસાકસી બાદ ખોડિયારસીસી નિકોલની ટીમ વિજેતા થઈ હતી. ટુર્નામેન્ટમાં સમાજના યુવાનો માટે અને યુવાનોએ કલાત્મક રમત દર્શાવી હતી અને મેચ દરમ્યાન ખેલાડીઓને મેન ઓફ ધ ટુર્નામેન્ટ, બેસ્ટ બોલર, બેસ્ટ બેસ્ટમેનને ઈનામો આપી ઉત્સાહિત કરવામાં આવ્યા હતા.

ટુર્નામેન્ટની ફાઈનલ મેચ દરમ્યાન સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી ઉપરાંત જિલ્લા પંચાયત સદસ્ય અરવિંદસિંહ સોલંકી, મેરાજભાઈ દેસાઈ, (ડી.કે. દેસાઈ) પ્રમુખ રાષ્ટ્રીય મહાસંઘ, કિશોરસિંહ પરમાર, સરપંચ પ્રાંતિયા ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. ટુર્નામેન્ટમાં પ્રાંતિયા, પાલજ અને લવારપુરના યુવાનોએ સહયોગ આપ્યો હતો અને વિપુલભાઈ પ્રજાપતિ ખાનપુર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

છેડાલ પરગણા વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ-હોદેદારોની વરણી

શ્રી છેડાલ પરગણા વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ સમાજના હોદેદારોની વરણી તેમજ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ ૧૭ નવેમ્બર બાબાસાહેબ આંબેડકરભવન સે. ૧૨ ખાતે યોજાયો હતો. સમારોહમાં સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તેમજ સરકારમાંથી વયનિવૃત્ત થયેલા સમાજના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૨-૧૩ના હિસાબો રજુ કરી વર્ષના હોદેદારોની વરણી કરવામાંઆવી હતી. પ્રમુખ તરીકે નયનભાઈ સોલંકી, ઉપપ્રમુખ તરીકે મનિષભાઈ પરમાર, મહામંત્રી તરીકે હેનિશકુમાર રાઠોડ, કોષાધ્યક્ષ તરીકે ગોવિંદભાઈ પટેલ, ઓડિટર તરીકે સુબોધચંદ્ર વાઘેલા, ઓડીટર તરીકે ચતુરભાઈ સોલંકી, સભ્યોની વરણી કરવામાં આવી હતી.

સરકારી વાહનોના ઈંધણના બેફામ દૂરૂપયોગને નાથવા અપીલ કરાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સરકારી વાહનો દ્વારા થતા ઈંધણના બેફામ દુરપયોગને નાથવા પેટ્રોલ, ડીઝલને બચાવતી કરકસર કરવાની નીતિની જાહેરાત કરવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને અપીલ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રિય પ્રધાનોના પેટ્રોલ અને ડીઝલના કરોડો રૂપિયાના ધૂમાડા થતા હોવાના અખબારી અહેવાલને પગલે ગુજરાત સરકારને અગમચેતીરૂપે પગલા લેવા આ અપીલ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના ઓફિસ ખર્ચમાં રૂપિયા ૫૨૦૦ કરોડના ખર્ચમાં કેન્દ્રિય પ્રધાનો દ્વારા દર મહિને ૪૬,૨૦૦ લીટર પેટ્રોલના વપરાશના સમાચારથી ચિંતિત થઈ કેન્દ્ર સરકારે કરકસરના પગલા ભરવાનું જાહેર કરેલ છે. આ હકીકતને ધ્યાનમાં લઈને ગુજરાત સરકારમાં પણ સરકારી તંત્ર દ્વારા ઈંધણનો બેફાન દૂરૂપયોગ આમ જનતાની આંખમાં કણાની જેમ ખૂંચે છે અને તેમાં રાજય સરકારની બદનામી થાય છે તેવું જણાવતા પરિષદે ઈંધણની બચતમાં ગુજરાતનું યોગદાન પણ મહત્વનું ગણાવુ જોઈએ તે હેતુથી સરકારને કેટલાક સૂચનો પણ કર્યા છે. પરિષદ દ્વારા કરાયેલા સૂચનોમાં સરકારી કામકાજ સિવાય સરકારી ગાડીઓનો ઉપયોગ સદંતર બંધ કરવા, મંત્રીઓ અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓ પાસે એકથી વધારે ગાડીઓ રાખવા પર કડક નિયંત્રણ મુકવા, સપ્તાહમાં એક દિવસ સરકારી ગાડીઓનો સદંતર ઉપયોગ બંધ કરવા તેમજ આઈએએસ અધિકારીઓની સરકારી ખર્ચે ફરવાની છૂટમાં નિયંત્રણો મુકવા અનુરોધ કર્યો છે. સરકારી વાહનો છાશવારે શાકમાર્કેટ, મંદિર, બગીચા ઉપરાંત અંગત સમારંભોમાં દેખાય છે તેને નિયંત્રણમાં લેવા ફ્લાઈંગ સ્કવોડની રચના કરવા પણ સલાહ આપવામાં આવી હતી.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને ઉપરોક્ત બાબતે સરકારી વાહનોના બેફામ દુરૂપયોગ અટકાવવા અને ઈંધણના બચાવ અંગે અસરકારક નીતિ જાહેર કરવા માંગ કરવામાં આવી હતી.

રાષ્ટ્ર કલ્યાણ અર્થે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

રાષ્ટ્રના કલ્યાણ અને વિશ્વ શાંતિ અર્થે સંગીતમય સુંદરકાંડનું આયોજન શ્રી કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે તા. ૧૯ નવેમ્બર રાત્રે ૮.૩૦ કલાકે સ્વાગત પાર્ટી પ્લોટ ભૂયંગદેવ અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે. સર્વને વિશ્વ કલ્યાણ અને રાષ્ટ્ર કલ્યાણના કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવેલ છે. મુખ્ય યજમાન તરીકે મનિષભાઈ પરમારને આમંત્રિત કરવામાં આવેલ છે.

ચિલોડા-દહેગામ રોડ પર પાર્ક કરેલું બાઈક અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ જતાં પેટ્રોલ ખલાસ થતાં બાઈક મુકી પલાયન

ચિલોડા, તા.૧૮

ચિલોડા ગામથી માત્ર ૨ કિ.મી. દૂર ચિલોડા-ડભોડા-દહેગામ માર્ગ પર સાઈડમાં પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી કરી ચોરી કરવાના ઈરાદેથી એક અજાણ્યા શખ્સ દ્વારા બાઈકમાં પેટ્રોલ ખલાસ થઈ જતાં મગોડી ગામ પાસે બાઈક મૂકી શખ્સ રફુચક્કર થઈ ગયો હતો. ચિલોડા વિસ્તારમાં ખેતી સાથે સંકળાયેલા ધરતીપુત્રો ખેતરમાં ખેતી કામે જતા હોય છે. જયારે રોડ સાઈડના ખેતરમાં રોડ પર પાર્ક કરી બાઈક મુકતા હોય છે. હવે રોડ પર પાર્ક કરવા વાહનો સલામત રહ્યા નથી. આઠ માસ અગાઉ દશેલાની સીમમાંથી બાઈક ઉઠાંતરી કરવાનો નિષ્ફળ પ્રયાસ થતાં બાઈક માલિક પીછો કરી એક શખ્સને ઝડપી લીધો હતો. જયારે બીજો શખ્સ ભાગી જવામાં સફળ નીવડયો હતો. પરંતુ ચિલોડા પોલીસને આ શખ્સને પકડવામાં સફળતા સાંપડી હતી. જયારે હવે ચિલોડા દહેગામ રોડ પર ખેતર માલિકો બાઈક પાર્ક કરી કામે લાગી જતા હોય છે ત્યારે પાર્ક કરેલ બાઈકની ચીલઝડપ કરતાં શખ્સો સક્રિય બન્યા હોય તેવું લાગી રહ્યું છે. એવો એક બનાવ ચિલોડા ગામની સીમમાં બનવા પામ્યો હતો. ચિલોડા-દહેગામ રોડ પર હિતેશભાઈ જયંતિભાઈ પટેલ ખેતરમાં પાણી વાળવા ગયા હતા ત્યારે રોડ નજીક પાર્ક કરેલ બાઈક નં. જીજે-૧૮-એ.ડી. ૩૭૦૭ હીરો હોન્ડા સ્પ્લેન્ડર કોઈ અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરી લઈ ગયો હતો. ત્યારબાદ પોતાનું બાઈક સ્થળ પર ન જોતાં તપાસ કરતાં ચિલોડા પોલીસને બાઈકની ચોરી અંગે જાણ કરી હતી ત્યારે દહેગામ રોડ પર ચિલોડા પોલીસની પી.સી.આર. વાન પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે સોલંકીપરા પાટીયા પાસે એક બાઈક બિનવારસી જોવા મળ્યું હતું. તુરંત જ આ ચોરાયેલા બાઈક અંગેનો ખ્યાલ આવતાં મૂળ માલિકને બોલાવી બાઈક અંગે જાણકારી આપી હતી. આમ બાઈક લઈ જનાર શખ્સ સોલંકીપુરા જતો હતો ત્યારે બાઈકમાં પેટ્રોલ ખલાસ થઈ જતાં મુકી પલાયન થઈ ગયો હતો. આમ સંજોગોવશાત બાઈક પરત મળતાં માલિકે રાહતનો દમ ખેંચ્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮
સૂર્યાસ્ત : ૫.૫૫

તાપમાન

મહત્તમ : ૩૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૫૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૧૦, ૬.૪૦, ૯.૫૫
થોર ધ ડાર્ક વર્લ્ડ : ૩.૨૫
: સ્ક્રીન-૨ :
ક્રિશ-૩ : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૪૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૩ :
રામલીલા : ૯.૫૫, ૧૨.૫૫, ૪.૧૦, ૭.૨૫, ૧૦.૪૦
: સ્ક્રીન-૪ :
રામલીલા : ૮.૨૫, ૧૧.૨૫, ૨.૪૦, ૫.૫૫, ૯.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ક્રિશ-૩ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
રજ્જો : ૧૦.૩૦, ૧૦.૩૦
રામલીલા : ૪.૦૦
ક્રિશ-૩ : ૧.૩૦, ૭.૩૦

ચિરાગ, કલોલ

ક્રિશ -૩:૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

કન્યા : શુભ મંગળ કાર્યોનો થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

● સ્વ. પ્રદિપભાઈ કનુભાઈ કબીરા (ઉ.વ. ૧૮) જી.ઈ.બી.ના છાપરાં, ગાંધીનગર.